# Shri Govind Guru University
(Established Vide Gujarat Act No. 24/2015)

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં. એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૫/૪૬૪૫ તા.૦૭/૦૪/૨૦૨૫

**પરિપત્ર-૩૬૮૬**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે, આપના વિભાગ/કોલેજ/માન્ય અનુસ્નાતક કેન્દ્રના કોઈ વિદ્યાર્થીના પરીક્ષા ફોર્મમાં ખોટો વિષય પસંદ કરેલ હોય તેવા વિદ્યાર્થીની ઉત્તરવહીમાં જે તે વિષયની પરીક્ષામાં/તારીખે ફરજિયાતપણે ઇમરજસી બારકોડનો જ ઉપયોગ કરવાનો રહેશે અને ઓરીજીનલ બારકોડ પર સબ્જેક્ટ ચેન્જ તેવી રીમાર્ક લખી જે તે બ્લોક સુપરવાઈઝર રીપોર્ટના પાછળના ભાગે ચોટાડીને પરત કરવાનો રહેશે. તેમજ આવા વિદ્યાર્થીઓના વિષય સુધારા માટે સંબંધિત વિભાગ/કોલેજ/અનુ-સ્નાતક કેન્દ્રએ જે તે પરીક્ષા પૂર્ણ થયાના દિન-૭ માં યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ ખાતે વિષય ફેરફારનો પત્ર મોકલી આપવાનો રહેશે. તથા પત્ર સાથે સંબંધિત વિદ્યાર્થીની હોલ ટીકીટની નકલ અને નિયત નમૂનાનું માહિતી પત્રક સાથે મોકલવાનું રહેશે. દિન-૮ થી દિન-૧૫ ની મર્યાદા બાદ આવેલ અરજીના કિસ્સામાં પ્રતિ વિદ્યાર્થી રૂ. ૨૦૦/- પેનલ્ટી લેવામાં આવશે. દિન-૧૫ બાદ આવેલ અરજી અન્વયે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવશે નહી અને જેની સઘળી જવાબદારી આપશ્રીની રહેશે જેની નોંધ લેવા અને હવે પછીની તમામ પરીક્ષાઓમાં તે મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
વિંઝોલ (ગોધરા).

બિડાણ : માહિતી પત્રકનો નમુનો

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના ભવનોના અધ્યક્ષશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને તથા માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

# વિભાગ/કોલેજ લેટર પેડ

| Sr. | Course | Student's Name (As per exam form) | Seat No | SPID No. | Wrong subject code | Wrong Subject name | Right subject code | Right subject name | Internal Marks |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

(Use only Times New Roman Font)

વિભાગ અધ્યક્ષ/કોલેજના આચાર્યના સહી સિક્કા